**ગ્રાહકનું માહિતીપત્રક – જના ગ્રીન લોન**

Jana Small Finance Bank
A SCHEDULED COMMERCIAL BANK

| | | | | |
|---|---|---|---|---|
| 1. CIS ક્રમાંક | | 2. અરજીની તારીખ | | (ફોટો) |
| 3. JC કોડ/ બ્રાન્ચ | | 4. ગ્રાહકનો પ્રકાર | | |
| 5. URN | | 6. પ્રોડક્ટ કોડ | | |
| 7. અરજી ક્રમાંક | | 8. જના ગ્રુપ નં | | |
| 9. લોનની રકમ | | 10. cKYC નં. | | |

## માહિતી પ્રાથમિક અરજદાર

| | | | |
|---|---|---|---|
| 1. પ્રથમ નામ | | 2. અટક | |
| 3. જન્મની તારીખ (DD-MM-YYYY) | | 4. જાતિ | |
| 5. વૈવાહિક દરજ્જો | | 6. શૈક્ષણિક દરજ્જો | |
| 7. પિતાનું નામ | | 8. જીવનસાથીનું નામ | |
| 9. પ્રાથમિક Id | | 10. પ્રાથમિક Id ક્રમાંક | |
| 11. દ્વિતિય Id | | 12. દ્વિતિય Id ક્રમાંક | |
| 13. મોબાઈલ નંબર | | 14. ધર્મ | |
| 15. જ્ઞાતિ | | 16. માતૃભાષા | |
| 17. કાયમી સરનામું | | | |
| દરવાજા નં/રોડ | | ગામ/ શહેર/ નગર | |
| રાજ્ય | | જિલ્લો | |
| પિનકોડ | | સીમાચિહ્ન | |
| 18. હાલનું સરનામું | | | |
| દરવાજા નં/રોડ | | ગામ/ શહેર/ નગર | |
| રાજ્ય | | જિલ્લો | |
| પિનકોડ | | સીમાચિહ્ન | |
| 19. રોજગારની વિગતો | | | |
| રોજગારનો પ્રકાર | | રોજગારનો પ્રકાર | |
| વ્યાવસાયિક વિવરણ | | ઉદ્યોગનો પ્રકાર | |
| વેચવામાં આવતી મુખ્ય પ્રોડક્ટ અથવા સેવા | | | |
| 20. NCO વ્યવસાય કોડ /BSR કોડ | | 21. આવકની ફ્રિક્વન્સી | |
| 22. પરિવારના સભ્યોની કુલ સંખ્યા | | 23. હાલના સરનામે કેટલા વર્ષથી રહો છો | |
| 24. હાલના ગામ/ નગરમાં કેટલા વર્ષથી છો | | 25. રહેઠાણનું માલિકીપણું | |
| 26. મકાનનો પ્રકાર | | 27. પસંદ કરાયેલો વીમો | |
| 28. લોનનો ઉદ્દેશ | | 29. પરિવારની માસિક આવક | |
| 30. અંતિમ વપરાશની પ્રવૃત્તિ | | 31. રાષ્ટ્રીયતા | |

## ગ્રાહકની માહિતી (ગેરન્ટર)

| | | | | |
|---|---|---|---|---|
| 1. નામ | | 2. જન્મની તારીખ | | (ફોટો) |
| 3. જાતિ | | 4. માતૃભાષા | | |
| 5. શૈક્ષણિક દરજ્જો | | 6. વૈવાહિક દરજ્જો | | |
| 7. પ્રાથમિક Id | | 8. પ્રાથમિક Id ક્રમાંક | | |

| | | | |
|---|---|---|---|
| 9. દ્વિતિય Id | | 10 દ્વિતિય Id ક્રમાંક | |
| 11. PC સાથેના સંબંધ | | 12. સંબંધના પૂરાવાનો ID પ્રકાર | |
| 13. પિતા/ જીવનસાથીનું નામ | | 14. મોબાઈલ નંબર | |
| 15. રહેઠાણની વિગતો | | | |
| દરવાજા ક્રમાંક /રોડ | | ગામ/ શહેર/ નગર | |
| રાજ્ય | | જિલ્લો | |
| પિનકોડ | | સીમાચિહ્ન | |
| 16. રોજગારની વિગતો | | | |
| રોજગારનો પ્રકાર | | ઉદ્યોગનો પ્રકાર | |
| વેચવામાં આવતી મુખ્ય પ્રોડક્ટ અથવા સેવા | | રોજગારનો પ્રકાર | |
| વ્યવસાયનું વિવરણ | | | |
| 17. BSR કોડ | | 18. આવકની ફ્રિક્વન્સી | |
| 19. રાષ્ટ્રીયતા | | | |

## બેંકની વિગતો

| | | | |
|---|---|---|---|
| 1. બંકનું નામ | | 2. A/c ક્રમાંક | |
| 3. લાભાર્થીનું નામ | | 4. બેંક બ્રાન્ચ | |

## કૃષિ પ્રવત્તિની વિગતો

| | | | |
|---|---|---|---|
| 1. તમારી પાસે ખેતીની જમીન છે | | 2. ખેતીની જમીન એકરમાં | |
| 3. ખેડૂતનો પ્રકાર | | 4. કૃષિની પ્રવૃત્તિઓ | |
| 5. ખેતીની જમીનના માલિક | | 6. કેટલા ઢોરઢાંખર છે તેની સંખ્યા | |

ઘોષણાપત્ર

1. હું/ અમે આ સાથે ઘોષણા કરીએ છીએ કે મારા/ અમારા દ્વારા આ અરજીપત્રમાં જના સ્મોલ ફાઇનાન્સ બેંકને ("બેંક") પૂરી પડાયેલી તમામ વિગતો અને માહિતી સાચી અને ખરી, તથા તમામ રીતે અપ-ટુ-ડેટ છે. મેં/ અમે કોઇ માહિતી છુપાવી નથી.
2. હું/ અમે વધુમાં અનુમોદન કરીએ છીએ કે, આ સંબંધમાં અન્ય કોઇ પણ સ્ત્રોત પાસેથી કોઇ પણ માહિતી મંગાવવાનો બેંક પાસે અધિકાર છે. હું/ અમે સમજીએ છીએ કે ઉપર ઉલ્લેખિત તમામ માહિતી જ બેંક દ્વારા તેની સંપૂર્ણ મનસુફી મુજબ મને/ અમને અપાનારી કોઇ પણ સુવિધાનો આધાર રચશે.
3. બેંકના પ્રતિનિધિ અથવા બેંકના અન્ય કોઇ પણ અધિકારીએ મારી/ અમારી લોન અરજીના પ્રોસેસિંગ માટે મારી/ અમારી પાસેથી કોઇ પણ રકમ અથવા રોકડ અથવા ચેકની વસૂલાત કરી નથી.
4. હું/અમે બેંક અથવા તેના એજન્ટોને આ અરજી ફોર્મમાંની માહિતી સંબંધિત સંદર્ભો અને પૂછપરછ કરવા માટે પણ અધિકૃત કરીએ છીએ જે બેંક જરૂરી માને છે
5. હું/ અમે સમજીએ છીએ કે સુપરત કરાયેલા આ અરજીપત્રને રદ કરવાનો તેમજ અરજીની સાથે સુપરત કરાયેલા ફોટોગ્રાફ તથા દસ્તાવેજોને પોતાની પાસે જાળવી રાખવાનો બેંક પાસે અબાધિત અધિકાર છે અને તે પરત નહીં કરે. આ પ્રપોઝલ ફગાવાશે/ તેની વિચારણા નહીં કરાય તો તેના કારણોની અરજદારને જાણ કરાશે.
6. હું/ અમે પુષ્ટિ કરીએ છીએ કે આ ફંડનો અહીં ઉલ્લેખિત ઉદ્દેશો માટે જ ઉપયોગ કરાશે અને કોઇ સટ્ટાકીય કે અસામાજિક હેતુ માટે તેનો ઉપયોગ નહીં કરાય.
7. અમે બેંક દ્વારા સમયાંતરે નિર્ધારિત કરાય તે રીતે પ્રોસેસિંગ, સર્વિસ, દસ્તાવેજીકરણ ચાર્જિસ વગેરેને વહન કરવાની ખાતરી આપીએ છીએ.
8. હું/ અમે બેંકને લાગુ પડતી કોઇ પણ ફી, ચાર્જિસ, વ્યાજ વગેરે માટે તે રકમને બેંક સમક્ષના મારા સેવિંગ એકાઉન્ટને ઉધારવા અધિકૃતતા આપીએ છીએ.
9. હું/ અમે એ વાતથી વાકેફ છીએ કે બેંક કેટલા દરે વ્યાજ વસૂલશે.
10. હું/ અમે બેંક તેમજ મારા/ અમારા વચ્ચે અમલી થયેલા લોન કરારના નિયમો અને શરતોનું પાલન કરવા બંધાઇએ છીએ.
11. હું/ અમે સંમત થઇએ છીએ અને સમજીએ છીએ કે બેંક પાસે કોઇ પણ કારણ આપ્યા વિના કોઇ પણ સમયે આખેઆખી લોન/ ઉપાડ બાકી અને ચૂકવવાપાત્ર હોય કે ન હોય તેને પોતાની સંપૂર્ણ મનસુફી મુજબ પાછી ખેંચવાનો તથા પોતાના અધિકારો, ઉપાયો અને જામીનગીરી લાગુ કરવાનો અબાધિત અધિકાર છે.
12. હું આ સાથે બેંકને મારા/ અમારા દ્વારા બેંકમાંથી પ્રાપ્ત કરાયેલી સુવિધાના સંબંધમાં અમલી બનાવાયેલા/ બનાવવામાં આવનારા અરજીપત્ર(ત્રો) / સંબંધિત દસ્તાવેજોમાં મારા/ અમારા દ્વારા અપાયેલી માહિતીને મારી/ અમારી સંમતિ વિના, બેંકની અન્ય બ્રાન્ચ/ સબસિડિયરીઓ/ સહયોગીઓ/ ક્રેડિટ બ્યૂરો/ રેટિંગ એજન્સીઓ/ સર્વિસ પ્રોવાઇડર્સ, બેંકો/ નાણાકીય સંસ્થાઓ, સરકારી/ નિયમનકારી સત્તાવાળાઓ અથવા ત્રાહિત પક્ષકારોને માહિતીની ખરાઇ, ધિરાણ જોખમોના વિશ્લેષણ, અથવા અન્ય સંલગ્ન હેતુમાટે બેંકને યોગ્ય લાગે તે રીતે આપવા અધિકૃતતા આપું છું.
13. હું/ અમે સંમત થઇએ છીએ કે મને/ અમને બેંક દ્વારા એકાઉન્ટ ખોલવા માટેના હેતુ માટે મારા/ અમારા ઓળખ/ રહેઠાણના પૂરાવાને સ્થાપિત કરવા વિવિધ વિકલ્પો પૂરા પડાયા હતા અને મેં/ અમે બેંકને સ્વૈચ્છિક રીતે મારું/ અમારું આધાર આપ્યું હતું.
14. મને/ અમોને બેંક દ્વારા ક્વિક રિસ્પોન્સ (ક્યૂઆર) કોડ અથવા યુઆઇડીએઆઇ દ્વારા નિર્ધારિત કરાયેલી અન્ય કોઇ રીતે અથવા સમયાંતરે અન્ય કોઇ કાયદા મુજબ આધારની ખરાઇની ચકાસણી કરાવા સામે કોઇ વાંધો નથી.
15. હું/ અમે યુઆઇડીએઆઇ, ઇડી, એનપીસીઆઇ, સીકેવાયસી, કેઆરએ, સરસાઇ દ્વારા નિર્ધારિત કરાયેલી અન્ય કોઇ રીતે અથવા સમયાંતરે અન્ય કોઇ કાયદા મુજબના કોઇ પણ હેતુ માટે આધાર/ ઓળખની માહિતી, આધાર ક્રમાંકની વહેંચણી કરવા કે ઉપયોગ/ વિનિમય કરવા સંમતિ આપીએ છીએ.

16. હું/ અમે ખાતરી આપીએ છીએ કે મારા રહેઠાણ/ રોજગાર/ વ્યવસાય/ રજિસ્ટર્ડ મોબાઇલ નંબર અને ઈમેઇલ આઇડીમાં કોઇ પણ ફેરફાર થવાની તેમજ આ સંબંધમાં બેંક દ્વારા માગણી કરાયેલી અન્ય કોઇ પણ માહિતી બેંકને પૂરી પાડીશું. હું/ અમે અનુમોદન કરીએ છીએ કે બેંક પાસે પોતાની સંપૂર્ણ મનસૂફી મુજબ કોઇ પણ ત્રાહિત પક્ષની એજન્સીને કોઇ પણ પ્રવૃત્તિ એસાઇન કરવાનો અધિકાર રહેશે.
17. હું/ અમો પુષ્ટિ કરીએ છીએ કે ઉપર ઉલ્લેખિત મોબાઇલ નંબર મારા/ મારા ગેરન્ટર દ્વારા ધારણ કરાયેલો છે, નહીં કે કોઇ ત્રાહિત પક્ષકાર દ્વારા. હું/ અમે બેંકના કર્મચારીઓ/ તેના અધિકૃત ભાગીદારો/ સહયોગીઓને કોઇ પણ વ્યવહારની ખરાઇ કરવા મારો/ અમારો બેંકને યોગ્ય લાગે તે રીતે સંપર્ક કરવા તેમજ બેંકની પ્રોડક્ટ્સ અને સેવાઓ સંબંધિત માહિતી ઈમેઇલ/ એસએમએસ/ ફોન કોલ દ્વારા પૂરી પાડવાની અધિકૃતતા આપીએ છીએ. આ સંમતિ એનડીસી માટેના બધા રજિસ્ટ્રેશનની ઉપરવટ થશે.
18. હું/ અમે આ સાથે ઘોષણા કરીએ છીએ કે અમારા કોઇ પણ નિકટના સંબંધિ બેંક અથવા અન્ય બેંકના ડાયરેક્ટર નથી.
19. મારા/ અમારા દ્વારા લોનની પરત ચૂકવણીમાં અથવા તો તેની પરના વ્યાજની અથવા સંમત થયેલા લોનના હપ્તાની ડ્યુ ડેટના રોજ ચૂકવણીમાં કોઇ ડિફોલ્ટ દાખવાશે, તો બેંક અને/ અથવા RBI પાસે મારા/ અમારા નામ/ નામોને બેંક અથવા RBIને તેમની સંપૂર્ણ મનસુફીમાં યોગ્ય લાગે તે રીતે અને માધ્યમે એ રીતે અને ડિફોલ્ટર્સ/ વિલફુલ ડિફોલ્ટર્સ તરીકે ઘોષિત અથવા પ્રસિધ્દ્ધ કરવાનો અબાધિત અધિકાર રહેશે.
20. હું/ અમે સમજીએ છીએ કે વીમાને લગતો દાવો મેં/ અમે પસંદ કર્યો છે તે વીમા કંપનીની સંપૂર્ણ મનસૂફી મુજબ કર્યો છે અને બેંક અથવા તેના કોઇ પણ અધિકારી તેના માટે કોઇ પણ રીતે જવાબદાર નથી.
21. હું/ અમે પુષ્ટિ કરીએ છીએ કે મારી/ અમારી સામે કોઇ ઈન્સોલ્વન્સી પ્રક્રિયા આદરાઇ નથી અથવા મને/ અમને કદી ઈન્સોલ્વન્ટ જાહેર કરાયા નથી.
22. હું/ અમે વધુમાં અનુમોદન કરીએ છીએ કે મેં/ અમે પસંદ કરેલી જેએલજી લોનનું સંચાલન કરતા આ નિયમો અને શરતોને મેં/ અમે વાંચી, સમજી અને સ્વીકારી લીધી છે.
23. હું/ અમે સમજીએ છીએ કે, મંજૂર કરાયેલી લોનની રકમ સામે મારા અથવા મારા જીવનસાથી અથવા અમારા બંને માટે મેં/ અમે પસંદ કરેલો વીમો લોનની મુદતના સમય જેટલા ગાળા માટે છે. વીમો પસંદ કરાશે તો તેના પ્રિમિયમને તે મુજબ વિતરણના સમયે મંજૂર કરાયેલી રકમમાંથી (નજીકના ઉપરના 100ના અંકે રાઉન્ડઓફ કરીને) કાપી લેવાશે અને બાકીની રકમ મને/ અમને સુપરત કરાશે.
24. હું/ અમે વાકેફ છીએ કે વીમાની મુદતને લોનની મુદત સાથે લિંક કરી દેવાઇ છે અને સમ ઈન્શ્યોર્ડ આખી લોન રકમને કવર કરે છે.
25. હું/ અમે એ પણ જાણવા માગીએ છીએ કે અમે વિવિધ બેંક લોન ઓફર સ્કીમના લાભોને મેળવવાની સાથે લોન પ્રમોશનલ પ્રવૃત્તિઓ અથવા અન્ય કોઇ પ્રમોશનલ સ્કીમો વિશે પણ જાણવા માગીએ છીએ અને આ માહિતી અમને આપવા અમે બેંક, તેના કર્મચારીઓ, એજન્ટો, પ્રતિનિધિઓ અને સહયોગીઓને અધિકૃતતા આપીએ છીએ. હું પુષ્ટિ કરું છું કે ટેલિકોમ રેગ્યુલેટરી ઓફ ઇન્ડિયા દ્વારા "ડુ નોટ કોલ રજિસ્ટ્રી" તરીકે નિર્ધારિત કરાયેલા અનસોલિસિટેડ કોમ્યુનિકેશન સંબંધિત નિયમો બેંક, તેના પ્રતિનિધિઓ, એજન્ટો પાસેથી પ્રાપ્ત થનારા આવા કોમ્યુનિકેશન/ કોલ/ એસએમએસને લાગુ નહીં પડે.
26. હું/ અમે બેંકને અધિકૃતતા આપીએ છીએ કે મારા દ્વારા સુપરત કરાયેલી અરજી/ અન્ય સંલગ્ન દસ્તાવેજો તે સરસાઇમાં જમા કરાવે.
27. હું/ અમે આ સાથે ઉપર ઉલ્લેખિત રજિસ્ટર્ડ નંબર/ ઈમેઇલ એડ્રેસ પર એસએમએસ/ મેઇલ દ્વારા સેન્ટ્રલ કેવાયસી રજિસ્ટ્રીમાંથી માહિતી મેળવવા મારી સંમતિ પૂરી પાડીએ છીએ.
28. હું/ અમે બેંકને સિબિલ અથવા અન્ય કોઇ ક્રેડિટ રેટિંગ એજન્સી સમક્ષ મારી/ અમારી ક્રેડિટ હિસ્ટ્રીની ખરાઇ કરવા અધિકૃતતા આપીએ છીએ અને અનુમોદન કરીએ છીએ કે બેંક પાસે જાહેર માધ્યમમાં ઉપલબ્ધ માહિતીમાંથી મારા/ અમારા દ્વારા પૂરી પડાયેલી માહિતીની પુષ્ટિ માટે તપાસ કરવા અધિકાર અને સત્તા રહેલી છે.
29. મેં/ અમોએ જના સ્મોલ ફાઇનાન્સ બેંક સમક્ષ એકાઉન્ટ/ ટર્મ ડિપોઝીટ (ફિક્સ્ડ ડિપોઝીટ) ખોલવાનું સંચાલન કરતા તેમજ અહીં ઉલ્લેખિત એટીએમ/ ડેબિટ કાર્ડ/ નેટ બેન્કિંગ/ ફોન બેન્કિંગ/ જના કેશ વોલેટ સહિત પરંતુ તે પૂરતી મર્યાદિત ન રહેતી અન્ય વિવિધ સેવાઓને લગતા શિડ્યુલ ઓફ ચાર્જિસ તથા નિયમો અને શરતો કે જેનો વધુ વિગતસર ઉલ્લેખ કરાયો છે તેને વાંચીને સમજી લીધા છે અને એકાઉન્ટ ખોલવાયે તેનું પાલન કરવા બંધાઇએ છીએ.
30. હું/ અમે સમજીએ છીએ કે મારી/ અમારી લોન અરજીને પ્રોસેસ કરવા, બેંક મારા/ અમારા નામે સેવિંગ્સ એકાઉન્ટ ખોલી શકે છે. હું/ અમે આ સાથે ઘોષણા કરીએ છીએ કે બેંક દ્વારા કોઇ કારણસર મારી/ અમારી અરજીને ફગાવી દેવાશે, તો બેંક પાસે મારી/ અમારી સંમતિ લીધા કે મને/ અમને જાણ કર્યા વિના ઉપરોક્ત સેવિંગ્સ ખાતું બંધ કરવાનો અધિકાર રહેશે.
31. હું આ સાથે ઘોષણા કરું છું કે, મને અપાનારી લોન તેમજ જેએસએફબી અધિકારી, શ્રી/ શ્રીમતી દ્વારા કાર્ડના ઉપયોગની સંપૂર્ણ પ્રક્રિયા ................................ (અહીં ગ્રાહક દ્વારા બોલચાલની/ સમજાતી ભાષાનું નામ લખો) ભાષામાં સમજાવી દેવાઇ છે જેને હું બોલું/ સમજું છું અને તેનાથી હું સંપૂર્ણ વાકેફ છું. મેં મને અપાઇ રહેલી લોનના નિયમો અને શરતોને પણ સમજી લીધા છે અને તેના પૂરાવારૂપે મારી સહી/ ડાબા અંગૂઠાનું નિશાન કર્યું છે. હું આ સાથે પ્રિપેઇડ કાર્ડ/ રોકડ દ્વારા મારી લોનની રકમનું વિતરણ કરવા જના સ્મોલ ફાઇનાન્સ બેંકને અધિકૃતતા આપું છું.
32. હું/ અમે પુષ્ટિ કરીએ છીએ કે જના સ્મોલ ફાઇનાન્સ બેંકને જીવન વીમાના કવર માટે જારી કરાયેલી માસ્ટર પોલિસી હેઠળ ઓફર કરાયેલી જીવન વીમા પ્રોડક્ટ વિશે મને/ અમને સમજાવી દેવાયા છે. હું/ અમે અનુમોદન કરીએ છીએ અને સમજીએ છીએ કે વીમા કવરની શરૂઆત લોનના વિતરણ પછી જ થશે. હું/ અમે એ પણ પુષ્ટિ કરીએ છીએ કે મેં રોકડેથી ઓન ફિલ્ડ પ્રિમિયમ પેટે સંપૂર્ણ કે આંશિક રીતે કોઇ રકમની ચૂકવણી કરી જ નથી. હું/ અમે આ સાથે પ્રપોઝલ ફોર્મને અમલી બનાવીને ઉપરોક્ત ઘોષણાપત્રના આધારે અનુમોદન કરીએ છીએ.
33. નામ/ જન્મની તારીખ (કોઈ હોય તો) પરનું ઘોષણાપત્ર. મારા નામ, જન્મનીતારીખ અને કેવાયસી દસ્તાવેજમાં મેળ ખાતો નથી , તો હું આ સાથે ઘોષણા કરું છું કે નીચેના દસ્તાવેજમાં ઉલ્લેખિત મારું નામ/ જન્મની તારીખ સાચા છે અને જેએસએફબીને લોન દસ્તાવેજ માટે તેને ધ્યાને લેવા વિનંતી કરું છું.

1. પ્રાથમિક કેવાયસી દસ્તાવેજ / KYC
2. દ્વિતિય કેવાયસી દસ્તાવેજ / KYC

સહી/ અંગૂઠાનું નિશાન

## પ્રાદેશિક ઘોષણાપત્ર

હું પુષ્ટિ કરું છું કે સહ-અરજદાર/ ગેરન્ટર (નિરક્ષર સહ-અરજદાર/ ગેરન્ટરનું નામ) કે જેઓને સહ-અરજદાર/ ગેરન્ટર ધારી લેવાયા છે તેઓ નિરક્ષર છે અને તેમને પ્રાથમિક ગ્રાહકને વિતરણ કરાનારી લોનની રકમ તેમજ લોનની પ્રક્રિયા સમજાવી દેવાઇ છે અને તેઓ બંને જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ. પરત્વે ઋણલેનારા અને સહઅરજદાર/ ગેરન્ટર તરીકે આ વ્યવહાર/ તેમની જવાબદારીઓને સમજી ચૂક્યા છે. તદુપરાંત તેમના એલટીએમને સુયોગ્ય રીતે મેં અહીં નીચે બીડેલા છે. અન્ય સાક્ષર સભ્ય(યો)ને પણ બેચની કામગીરી તેમજ પ્રાથમિક ગ્રાહક/ સહ-અરજદારને મળનારી લોનની રકમ વિષે સમજાવી દેવાયા છે અને આ સંબંધે મેળવાયેલા ઘોષણાપત્રની વિગતો નીચે મુજબ છે.

**બેચ મેમ્બર હોય તેવા ઘોષણાકર્તાનું નામ**

| |
|---|
| સહી/ અંગૂઠાનું નિશાન |

## એગ્રી ગ્રુપ લોન – ગેરન્ટર ઘોષણાપત્ર કમ ગેરન્ટી

1. હું/ અમે ઘોષણા, વોરન્ટ, પ્રસ્તુતિ, અનુમોદન અને પુષ્ટિ કરીએ છીએ કેઃ સીઆઇએસ/ એગ્રી લોન અરજીપત્રમાં અપાયેલી/ ભરેલી બધી વિગતો અને માહિતી ખરી, સંપૂર્ણ તથા તમામ રીતે અપ-ટુ-ડેટ છે અને મેં/ અમે કોઇ માહિતી ચુપાવી નથી. આ ઘોષણાપત્ર કમ ગેરન્ટીનો મેં અમલ કર્યો છે તેને એગ્રી લોન દસ્તાવેજ/જોનો અભિન્ન હિસ્સો ગણી લેવો. એગ્રી લોન સ્ટાન્ડર્ડ શરતોમાં નિર્ધારિત તમામ રજૂઆતો, ઘોષણાપત્રો, વોરન્ટીઓ અને પુષ્ટિઓ ખરી, સાચી, માન્ય તેમજ તમામ રીતે આ અરજીપત્ર તેમજ આ ઘોષણાપત્ર કમ ગેરન્ટી તારીખના રોજ પૂરાવાયુક્ત છે. મેં/ અમે તેને સંપૂર્ણપણે વાંચી અને સમજી છે અને લોનની શરતોનું અનુમોદન કરીએ છીએ જેની નકલ અમને પૂરી પડાયેલી છે. અરજદાર અને સહ અરજદાર સંમત થાય છે કે એગ્રી લોન અરજીપત્ર અને બેચ સભ્યોની સંયુક્ત ગ્રુપ જવાબદારીના આધારે આ લોનને એગ્રી લોન દસ્તાવેજો હેઠળ મંજૂર કરાઇ/ ફાળવાઇ છે. કોઇ પણ નાણાંની પરત ચૂકવણીમાં અરજદાર/ ઋણલેનાર દ્વારા કરાનારા કોઇ પણ ડિફોલ્ટ અથવા કોઇ પણ નિયમો, શરતો અને લોન દસ્તાવેજમાં નિર્ધારિત બાબતોને પરિપૂર્ણ કરવા અથવા અનુસરવામાં ડિફોલ્ટ કરાશે, તો સહ-અરજદારે જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિમિટેડ (જેએસએફબી) દ્વારા માગણી કરાયા મુજબ તેને લોન દસ્તાવેજો હેઠળ અરજદાર/ ઋણલેનાર દ્વારા ચૂકવવાપાત્ર રકમની સંપૂર્ણ/ આંશિકપણે વિના ખચકાટે ચૂકવણી કરી દેવાની રહેશે. આ ઘોષણાપત્ર કમ ગેરન્ટી અફર છે અને મારા/ અમારા તેમજ અમારા વારસદારો માટે તે બંધનકર્તા અને કાનૂની ફરજ બને છે, અને લોન દસ્તાવેજો/ કરારમાંના નિયમો અને શરતોમાં થનારા કોઇ પણ ફેરફાર, સુધારા અને/ અથવા તેને રદ કરવા સાથે કોઇ નિસ્બત ન રહે તે રીતે સંપૂર્ણ અમલમાં રહેશે. આ ઘોષણાપત્ર કમ ગેરન્ટી તથા અન્ય લોન દસ્તાવેજોમાંની વિગતો મને/ અમને સમજમાં આવે તેવી પ્રાદેશિક ભાષામાં વાંચી/ સંભળાવી તેમજ સમજાવી દેવાઇ છે તેમજ અમે તેની અંદરની વિગતોને સ્વીકારીએ, સમજીએ અને અનુમોદન કરીએ છીએ તેમજ આ સાથે જેએસએફબી દ્વારા અહીંના અરજદારને અપાયેલી લોનના નિયમો અને શરતોને પણ સ્વીકારીએ છીએ. હું/ અમે સમજીએ છીએ અને એ વાતથી સંમત થઇએ છીએ કે વર્તમાન નાણાકીય ગેરન્ટી ત્યાં સુધી અમલમાં રહેશે જ્યાં સુધી અરજદાર/ ઋણલેનાર દ્વારા એગ્રી લોન મંજૂરી/ વ્યાજ કરારના અનુસંધાનમાં ફાળવાયેલી એગ્રી લોનની સંપૂર્ણ પરત ચૂકવણી નહીં કરી દીધી હોય. મેં લીધેલી લોનની પરત ચૂકવણી અથવા તેની પરના વ્યાજની અથવા ઋણલેનાર/ ગેરન્ટર દ્વારા ડ્યુ ડેટના રોજ લોનના સંમત થયેલા કોઇ પણ હપ્તાની ચૂકવણીમાં ડિફોલ્ટના સંજોગોમાં, બેંક અથવા RBI પાસે ઋણલેનાર/ ગેરન્ટરના નામોને ડિફોલ્ટર્સ/ વિલફુલ ડિફોલ્ટર્સ તરીકે એ રીતે અને ઢબે અને માધ્યમે જાહેર અથવા પ્રસિદ્ધ કરવાનો અધિકાર રહેશે જે બેંક અથવા RBIને તેમની સંપૂર્ણ મનસુફી મુજબ યોગ્ય લાગે.

2. નામ/ જન્મ તારીખ પર ઘોષણાપત્ર (કોઇ હોય તો). મારા નામ, જન્મનીતારીખ અને કેવાયસી દસ્તાવેજમાં મેળ ખાતો નથી. હું આ સાથે ઘોષણા કરું છું કે નીચેના દસ્તાવેજમાં ઉલ્લેખિત મારું નામ/ જન્મની તારીખ સાચા છે અને જેએસએફબીને લોન દસ્તાવેજ માટે તેને ધ્યાને લેવા વિનંતી કરું છું.

1. પ્રાથમિક કેવાયસી દસ્તાવેજ / KYC

2. દ્વિતિય કેવાયસી દસ્તાવેજ / KYC

| |
|---|
| ગેરન્ટર |

## નિષ્ક્રિય અથવા ડોરમન્ટ એકાઉન્ટ એક્ટિવેશન વિનંતી (ફક્ત K2 અથવા L2 ગ્રાહકો માટે)

હું/અમે પુષ્ટિ કરીએ છીએ કે મેં /અમે મારા /અમારા ઉપરોક્ત એકાઉન્ટ નં. ___________ને નીચેના કારણથી _______________ ઓપરેટ કર્યું નથી. હું/ અમે તમને મારા/ અમારા ઉપરોક્ત એકાઉન્ટને એક્ટિવેટ કરવા વિનંતી કરીએ છીએ.

| | |
|---|---|
| સહી/ અંગૂઠાનું નિશાન | ગેરન્ટર |

## FATCA- CRS ઘોષણાપત્રો

કૃપા કરીને લાગુ પડતા કર નિવાસી ઘોષણાપત્ર સામે ખરું કરો (કોઇ એક)*

હું/ અમે ભારતના કર નિવાસી છીએ અને બીજા કોઇ દેશના કર નિવાસી નથી [____] Y [____] N
(જો ના, તો અલગ FATCA ઘોષણાપત્ર ફોર્મ ભરવું જરૂરી બનશે)
સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસે 7મી ઓગસ્ટ 2015ના રોજ નિયમો 114એફથી 114એચને આવકવેરા ધારા, 1962ના ભાગરૂપે નોટિફાય કર્યા છે, જે નિયમો હેઠળ ભારતીય નાણાકીય સંસ્થાઓ જેવીકે બેંકે અમારા બધા એકાઉન્ટધારકો પાસેથી ચોક્કસ પ્રમાણપત્રો અને દસ્તાવેજો તેમજ વધારાની વ્યક્તિગત, કરવેરા તથા લાભાર્થીને લગતી માહિતી મેળવવાની રહેશે. સંલગ્ન કેસોમાં, માહિતીનું કરવેરા સત્તાવાળાઓ/ નિમાયેલી એજન્સીઓ/ વિથહોલ્ડિંગ એજન્ટ્સને એ સુનિશ્ચિત કરવા રિપોર્ટિંગ કરાવાનું રહેશે કે એકાઉન્ટમાંથી કોઇ પણ વિથહોલ્ડિંગ કે રકમની યોગ્ય ખતવણી થાય. તમે આપેલી કોઇ પણ માહિતીમાં લગીરે ફેરફાર થાય તો કૃપા કરીને તમે તેની અમને સુયોગ્ય, એટલે કે 30 દિવસમાં જાણ કરો છો તે સુનિશ્ચિત કરશો. તમારા કરનિવાસીપણા વિશે તમને કોઇ પણ પ્રશ્ન હોય, તો કૃપા કરીને તમારા કર પરામર્શકનો સંપર્ક કરશો. તમે યુએસ નાગરિક હોવ અથવા નિવાસી કે ગ્રીનકાર્ડ ધારક હોવ, તો કૃપા કરીને તમારા યુએસ ટેક્સ $ ઓળખ ક્રમાંકની સાથે વિદેશી માહિતી ખાનામાં અમેરિકાનો સમાવેશ કરશો. તમે જે દેશમાં કર નિવાસ કરો છો તે આવા ઓળખપત્રો જારી કરતો હોય તો ટીઆઇએન અથવા ફંક્શનલ સમાનને પૂરું પાડવું ફરજિયાત છે. જો કોઇ ટીઆઇએન હજી ઉપલબ્ધ ન હોય કે હજી જારી કરાયું ન હોય તો કૃપા કરીને તેનો ખુલાસો રજૂ કરો અને આ ફોર્મ સાથે બીડો.
મેં આ ફોર્મમાં આપેલી વિગતોને (FATCA / CRS સૂચનાઓ તથા નિયમો અને શરતોની સાથે) વાંચી અને સમજી લીધી છે અને આ સાથે પુષ્ટિ કરું છું કે મેં /અમે આ ફોર્મમાં પૂરી પાડેલી વિગતો સાચી, ખરી અને સંપૂર્ણ છે અને આ સાથે તેની પુષ્ટિ કરીએ છીએ.

તારીખ:
સ્થળ:

| |
|---|
| સહી/ અંગૂઠાનું નિશાન |

**નોમિનેશન (ખાતા ખોલવા માટે માત્ર એક જ વ્યક્તિગત નોમિનીને મંજૂરી છે)**

[_____]ને હું આ સાથે નોમિનેટ કરવા માગું છું [_____] હું નોમિનેટ કરવા નથી માગતો
બેંક ડિપોઝીટ સંબંધે બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949ની કલમ 45 ઝેડએ તથા બેન્કિંગ કંપનીઝ (નોમિનેશન) રૂલ્સ 1985ના નિયમ 2(1)ના સંબંધમાં નોમિનેશન.

હું/અમે (નામ) (સરનામું) નીચેની વ્યક્તિને નોમિનેટ કરીએ છીએ જેમને મારા/ અમારા/ સગીરના મૃત્યુના સંજોગોમાં ઉપરોક્ત એકાઉન્ટમાં જમા રહેલી રકમ જના સ્મોલ ફાઇનાન્સ બેંક દ્વારા પરત કરાશે.

નામ__________ સરનામું: [_____] પ્રાથમિક અરજદારની જેમ [_____] પ્રાથમિક અરજદાર કરતા અલગ હોય તો ____________ ડિપોઝીટર સાથે સંબંધ, કોઇ હોય તો ______________ ઉંમર [_____] વર્ષ નોમિનીની જન્મની તારીખ ____________ *નોમિની સગીર છે માટે હું /અમે નિમણૂંક કરીએ છીએ (નામ) _______________ સગીર સાથે સંબંધ* _______________ સરનામું: [_____] પ્રાથમિક અરજદાર જ [_____] અલગ હોય તો ______________ ને મારા/ અમારા/ સગીરના મૃત્યુના સંજોગોમાં ઉપરોક્ત એકાઉન્ટમાં જમા રહેલી રકમ ચૂકવાશે.

નોમિનીનો મોબાઇલ નંબર

| | |
|---|---|
| સહી /અંગૂઠાનું નિશાન | ગેરન્ટર |

**સ્થળ :**

**સહી:**

*નોમિની સગીર હોય તો છેકી કાઢો. ** એકાઉન્ટ સગીરના નામે ખોલાવાયું હોય ત્યાં નોમિનેશન પર સગીર વતી વર્તવાની કાયદેસરતા ધરાવનારી વ્યક્તિએ કરવાની રહેશે. *** અંગૂઠાનું નિશાન હશે, તો નોમિનેશન પરિશિષ્ટ તરીકે ફાઇલ કરવાનું રહેશે. **** મેં નોમિનેશનના લાભો સમજી લીધા છે અને છતાં નોમિનેટ કરવા માગતો નથી.